# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૯ • અંક ૪ • સળંગ અંક ૯૯ • મુંબઈ • ફેબ્રુઆરી ૨૦૧૫ • પાના ૧૬ • છૂટક નકલ રૂા. ૨/-

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર



ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## પ્રમુખસ્થાનેથી...

**સ્નેહી સ્વજનો,**

**જય જિનેન્દ્ર!!**

*હે ઈશ્વર હું બદલી ન શકું તે સહેવાનું ધૈર્ય આપ*
*જે બદલી શકાય તેને બદલી શકવાનું વીર્ય આપ*
*એ તારતમ્ય કરી શકવાની વિવેક બુદ્ધિ આપ!*

**લાગણીને લહેરાવા દો:**

માનવી જ્યારે લાગણીના બંધનથી બંધાય છે ત્યારે પ્રત્યેક પગથિયે સમજણનું રૂપાંતર સહાય અને સહકારમાં તથા સહાયનું રૂપાંતર સાર્થકતામાં થતું હોય છે. ક્યારેક વાણી ચાતુર્યથી સંપર્કને સંબંધમાં પણ ફેરવી શકાય છે. હકીકતમાં સંબંધો, જે કક્ષાએ કે સ્તરે બંધાય કે રચાય તેના આધારે સમાજ કે સંસારમાં રહી સ્વમાન સાથે અસ્તિત્વની હયાતીને સાચવવાની હોય છે. જિંદગીની હૈયા હોળીમાં મિત્ર કે કોઈપણ વ્યક્તિ માટે મુશ્કેલીના સમયમાં કંઈક કરી છૂટીએ તો તે નિષ્ઠાયુક્ત સંતોષનો શ્વાસ માનસરોવરની યાત્રા કરતાં પણ અદ્‌ભૂત અનૂભૂતિ અને ઉપલબ્ધિ બની રહે! આજે મહદ્ અંશે જ્યારે યુવાવર્ગને બહુધા લાજ-શરમને કંઈ જ લાગતું વળગતું નથી, ત્યારે જીવતરનો વિરોધાભાષ છાપરે ચઢીને પોકારે છે. વિવિધ વિષયોને આવરી લેતી માનવીય અનુભૂતિ ફલકના વ્યાપમાં પ્રતિબિંબિત થાય છે, કોઈપણ જાતની ફળની આશા કે અપેક્ષા વગર લાગણીના સ્ત્રોતને અવિરત નિર્મળ જળના ઝરણા જેમ વહેવા દો.

**સાભાર સ્વીકાર:**

પાટણ ખજુરીના પાડા **બાબુ નરેન્દ્રભાઈ વિજયકુમાર પનાલાલ શાહ** દ્વારા દર વર્ષની માફક ચાલુ સાલે પણ તેમના **પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ, બાબુ જીવણલાલ પનાલાલ ટ્રસ્ટ તથા બાબુ સાહેબ નાનકચંદજી પુરણચંદજી ટ્રસ્ટ**ના ખાતાઓમાંથી કુલ રૂા. ૮,૦૦,૦૦૦/- આર્થિક સહાય ખાતે ભેટ મોકલાવીને ધન્યતા અનુભવેલ છે. તો પાટણ ખાતે સાધુસાધ્વીજી ભગવંત અને મુમુક્ષુઓના અભ્યાસાર્થે કાર્યરત **શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ** ખાતે રૂા. ૨,૦૦,૦૦૦/-ની ભેટ **શ્રી મરીનડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ** તરફથી પ્રાપ્ત થયેલ છે જેને આવકારતા હર્ષ અનુભવું છું.

**વ્યવસ્થાપક સમિતિના સભાસદોની ચૂંટણી:**

**શ્રી પાટણ જૈન મંડળની** સને ૨૦૧૫-૧૬ થી સને ૨૦૧૭-૧૮ના આગામી ત્રણ વર્ષ માટે ૨૫ સભાસદોની ચૂંટણીમાં બિનહરીફ વિજેતા થનાર સભાસદોને આવકારતા હર્ષ અનુભવું છું. મંડળની રચનાત્મક પ્રવૃત્તિઓમાં તેમના તરફથી તન-મન-ધનથી સહયોગ પ્રાપ્ત થશે તેવી અપેક્ષા રાખું છું. જે નવ ઉમેદવાર સભાસદોએ, ચૂંટણી પ્રક્રિયાના સંસ્થાના ખર્ચમાં સહાયભૂત થવાની ભાવના સાથે પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેતાં, ચૂંટણીની આવશ્યકતા ન રહેતાં સમય અને નાણાંનો બચાવ થયો છે, તે બદલ નવ સભાસદોને ધન્યવાદ સહ આભાર વ્યક્ત કરું છું.

**જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ:**

**શ્રી પાટણ જૈન મંડળ છાત્રાલય** કેમ્પસ-પાટણ ખાતે તા. ૩૦-૧-૨૦૧૫થી તા. ૩-૨-૨૦૧૫ દરમિયાન શ્રી આદિનાથ જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ રંગેચંગે સંપન્ન થયો. જિનાલયના સંપૂર્ણ ખર્ચના સૌજન્યદાતા **શ્રીમતી ડૉ. રંજનબેન તથા શ્રી મહાસુખલાલ પોપટલાલ શાહ** (વાસુપૂજ્યની શેરી) દ્વારા વ્યક્તિગત જાળવણી - દેખરેખ અને સલાહ સૂચનોને પરિણામે દેવવિમાન તુલ્ય જિનાલયનું નિર્માણ શક્ય બનેલ છે તે બદલ તેમની સાભાર અનુમોદના.

**જિનાલય શુદ્ધિકરણ:**

**શ્રી પાટણ જિનાલય પ્રભુભક્તિ અભિયાન સમિતિ** દ્વારા **પૂ. આ. મેઘદર્શન વિ. મ.સા.**ની નિશ્રામાં તા. ૧૪ તથા તા. ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૫ના પાટણના ઈતિહાસમાં સૌ પ્રથમવાર યોજાયેલ ૯૭ જિનાલયના ૪૭૦૦ જિનબિંબોના શુદ્ધિકરણનું આયોજન થયું. સમગ્ર આયોજન સમાજના દાતાઓના આર્થિક યોગદાનથી તેમજ **જિનાજ્ઞાગ્રુપ**ના ૯૦૦થી અધિક સ્વયંસેવક ભાઈ-બહેનોના સહકારથી અભુતપૂર્વ સફળતાને વરેલ છે, જે બદલ તેના આયોજકોને ગર્વભેર બિરદાવું છું. સમગ્ર કાર્યમાં સંપૂર્ણ ઓતપ્રોત બની સફળતા અપાવનાર સમિતિના સર્વે ભાઈઓ પ્રત્યે આભાર ભાવ વ્યક્ત કરું છું.

**આર્ટ્સ-કોમર્સ કૉલેજઃ**

**શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત આટર્સ-સાયન્સ અને કોમર્સ કૉલેજ** માટે ફંડ મેળવવા અંગે જાન્યુઆરી-૨૦૧૫માં પ્રતિબિંબમાં પ્રકાશીત થયેલ વિજ્ઞપ્તિના અનુસંધાનમાં કોમર્સ કૉલેજને નામ આપવાની શરતે રૂપિયા **દોઢ કરોડ** કુંભારીયા પાડાના **શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ પોપટલાલ શાહ** પરિવાર દ્વારા દાન આપવાનું સ્વીકારેલ છે. તદુપરાંત આ પરિવારના ટ્રસ્ટ દ્વારા રિવોલ્વીંગ (એજ્યુકેશન) ફંડ તથા મેડીકલ સહાય યોજનાઓ અંતર્ગત સતત સહાયનો સ્ત્રોત ચાલુ છે. તે બદલ સંસ્થા વતી તેમની ભૂરી ભૂરી અનુમોદના. ચિતારાની ખડકીના **શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ શાહ** પરિવાર દ્વારા આટર્સ કૉલેજને નામ આપવાની શરતે રૂપિયા **સવા કરોડ**નું દાન આપવાનુ સ્વીકારેલ છે તે બદલ તેમને પણ અંતઃકરણપૂર્વક બિરદાવતા હર્ષની લાગણી અનુભવું છું. બન્ને દાતા પરિવારોએ સંસ્થાના કૉલેજ પ્રોજેક્ટમાં ઉમળકાભેર માતબર રકમનું દાન આપવાની ઉત્કૃષ્ટ ભાવના વ્યક્ત કરી અમારો ઉત્સાહ વધારેલ છે તે બદ્દલ તેમના પ્રતિ આભાર ભાવ વ્યક્ત કરું છું.

**પ્રદાન અને પ્રાપ્તિઃ**

**સ્વામી વિવેકાનંદ** કહે છે કે, 'જગતમાં હંમેશા દેનારનું સ્થાન લો. આપો પ્રેમ આપો, સહાય અને સેવા આપો, જે કંઈ નજીવુંય આપી શકાય તે આપો અને સોદાથી વેગળા રહો, કદી શરતો ન કરો જેથી કશો નિક્ષેપ થશે નહીં.. ઈશ્વર આપણને દે છે તેમ આપણેય આપણા સંચયમાંથી હસ્તે મુખે દઈએ.'

સુખ તમે શું મેળવી શકો છો તેના પર નહીં, શું આપી શકો છો તેના પર નિર્ધારિત છે. કોઈપણ વ્યક્તિ તેણે જે મેળવ્યું તેથી સન્માનાઈ નથી. સન્માન તો જે આપે છે તેનું જ પારિતોષિક છે. સન્માન સદ્બુદ્ધિ માગે છે. જીવનમાં જે આઘાત પામો તે રેતી પર લખો અને કરૂણા પામો તેને આરસ પર આલેખો.

આભાર... !

**❑ પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી**
**શ્રી પાટણ જૈન મંડળ**

---

## તંત્રીસ્થાનેથી...✍

# સ્મિતની સરિતા

સ્મિત માનવીની મુખાકૃતિનું મહત્વ વધારે છે. એક અનેરું આકર્ષણ આપોઆપ કેન્દ્રિત થાય છે, તે આપનારને મુશ્કેલીમાં મૂક્યા વગર લેનારને સમૃદ્ધ કરે છે. ક્ષણમાત્રમાં આપયેલ સ્મિત ક્યારેક સહાયની સનાતન સ્મૃતિ બની જાય છે. માણસ માત્ર એવો શક્તિમાન કે તુચ્છ નથી હોતો કે જેનાથી તે સમૃદ્ધ ન થઈ શકે. ઘરના સઘળા ખૂણાઓ સ્મિતથી પ્રસન્નતા પ્રસારે છે. વિકસતા વ્યાપાર ધંધામાં શુભેચ્છા સળવળે છે. ખરા અર્થમાં મૈત્રીનો એક અનેરો પર્યાય છે, ઈશ્વર દ્વારા માનવીને આપાયેલ એક અણમોલ ભેટ છે.

રોજબરોજની એક જ બીબામાં ઢળેલી જિંદગીથી માનવી ક્યારેક નિરસ બને છે અને જીવન અકારૂ બની જાય છે. કોઈનુંપણ અકલ્પ્ય અને અનિચ્છનિય પ્રસંગ કે કારણને લઈ ગમગીન થયેલ હૈયાને પ્રોત્સાહિત કરવાની ક્ષમતા એક નાના સરખા સ્મિત પાસે હોય છે. ગાઢ અંધકારમાં ધકેલાયેલી પરિસ્થિતિમાંથી છૂટકારો મેળવવા આ સ્મિત પ્રકાશનો પૂંજ પાથરે છે. મૂંઝવણમાંથી માર્ગ શોધવાનો એક અનેરો અને ઉત્તમ પ્રતિકારક ઉપાય અણધાર્યા સ્મિત પાસે હોઈ શકે છે. જો ઉત્સાહને પ્રેરવો એ શંકા જન્માવવા જેટલું સહેલું હોય તો માનવી કેટલું સાધી શક્યો હોત ?

ઉત્કૃષ્ટતા સાધવાનો વિચાર ચિત્તોદ્રક અનેતેની પ્રબળ ઈચ્છાશક્તિ નિશ્ચલ છે. આ શક્તિઓ બનનારી ઘટનાઓ કરતાં વધુ મહત્વ ધરાવે છે. સમજવું ખૂબ જ સહેલું છે કે સ્મિતને નથી ખરીદી શકાતું કે નથી વેચી શકાતું, નથી માંગીને કે ચોરીને લઈ શકાતું, નથી કોઈ રસ્તે ઉછીનું લેવાતું. જ્યાં સુધી કોઈપણ વ્યક્તિ એકમેકને સ્મિત આપે નહીં ત્યાં સુધી તેની કોઈ જ કિંમત નથી હોતી.

દાનભાવના સદબુદ્ધિ માંગે છે, પામવા કરતાં આપવું વધુ ધન્ય છે જેમ દાનની રીત દાન કરતાં વધુ મૂલ્યવાન છે. 'જે મોકળે મને આપીએ તે હંમેશ આપણું જ થઈ જાય, જે માગ્યા વગર આપે છે તે સર્વાધિક આપે છે અને વસ્તુઓની ભેટ ક્યારેય વિચારની ભેટ જેટલી મુલ્યવાન હોતી નથી.' પ્રત્યેક શક્તિવાન માણસની પાછળ હંમેશ બીજા શક્તિમંતો હોય છે. જે ગુલાબ વહેંચે છે તેના હાથમાં જ સુવાસ હોય છે.

**વૉલ્ વ્હિટમેન** કહે છે કે, 'જગતમાં બે પ્રકારના માણસો છે દેનાર અને લેનાર. લેનાર નિરાંતે જમે છે અને દેનાર નિરાંતે ઉંઘે છે' તમે જે પોતાની પાસે રાખી મૂકો છો તે ગુમાવો છો અને જે આપી દો છો તે હંમેશ માટે મેળવી લો છો. **કવિવર રવિન્દ્રનાથ ટાગોર**ને મતે કરૂણા વાવશો તો સ્મિત અને પ્રેમ લણી શકશો. સજીવોની સૃષ્ટિ સ્વાર્થ ભરેલી હોવાથી સ્નેહ કે સ્મિત ભાગ્યે જ દેખાય છે, તેઓ ઈશ્વરને કહે છે કે, **'મારા અંતિમ ઉદ્ગારો આ હોય કે તારા પ્રેમમાં મને શ્રદ્ધા છે.'** ઘણી વખત એમ લાગ્યા કરે છે કે આજનો માનવી પ્રેમ, આશા, પ્રસંશા અને સ્મિત ઉપર જીવે છે.

જે કેવળ નિર્જીવ પદાર્થો હોય તે પ્રગાઢ રીતે આશક્ત ન બને. સ્મિતનો સંદેશ ત્યાં વહે છે જ્યાં વ્યક્તિ પોતાના કરતાં બીજાઓ માટે વધુ કાળજી ધરાવતી હોય. સ્મિત કે પ્રેમ બન્ને ખૂલ્લામને આપલેની ભાવના ધરાવતા ન હોય તો તે સોદો બની જાય છે. બીજા શબ્દોમાં સ્મિત એટલે આપણા સુખને અન્યના સુખ પર આધારિત કરવું. જો સતત માણસોનું પરિક્ષણ જ કર્યા કરશું તો એકમેકને ચાહવાનો, પ્રેમ કરવાનો કે સ્મિત કરવાનો સમય જ ક્યાંથી મળશે !

એક સ્મિત માત્રથી સંસ્કાર, સમાજ કે સંસ્થાનો સેતુ બની શકે છે. અનેક સમસ્યાઓ ઉદ્ભવે તે પહેલાં જ તેનું નિરાકરણ શક્ય બને છે. એકબીજાના સાથ, સહકાર અને અપેક્ષા વિશ્વાસના વાતાવરણને આકર્ષે છે. આ નાનો સરખો સ્મિતનો સેતૂ દીર્ઘકાલિન સંબંધને વિકસાવે છે. માત્ર યસ કહેવાની અને કરવાની આવશ્યકતા દૃઢ હોવી જોઈએ. જીવનમાં ખાસ કરીને તડકી, છાંયડી ને સહન કરનારા અને અનુભવનારા નોખી માટીના નોખા માણસો સાબિત થાય છે. પ્રેરણાના પથદર્શક બને છે.

જ્યારે જ્યારે માનવી અજાણ્યા આગળ પોતાનું હૃદય ઠાલવે છે, ત્યારે ત્યારે માનવજાતને એકસૂત્રે સાંધનાર સ્મિત અને પ્રેમ પુનઃસ્થાપિત કરે છે. જીવનનો ધર્મ જો પ્રેમ હોય તો મૃત્યુની વચ્ચે જીવન ટકી શક્યું જ ન હોત. દરેક સંબંધમાં અંતે ક્યાંક લાલ લાઈટ તો આવી જ જાય છે. ક્યારેક આપણી ધારણા ઊંધી પડે કે તમારા સ્મિતનો ગેર ઉપયોગ પણ થવાની શક્યતા વધી જાય. જો સાધારણ વ્યવહારિક બુદ્ધિ કે ચાલાકીનો ઉપયોગ ન કરો તો. સારા નરસાની વ્યાખ્યા જ્યારે આપણી સમજમાં આવે ત્યારે જ સ્મિતનો અર્થ કે ઉપયોગ કરવો હિતાવહ છે.

છેલ્લે **સુરેશ દલાલ** કહે છે, **'મારા બારણા પર અગણિત નામોનો દરિયો પછડાય છે, માત્ર એક જ - તારું નામ આનંદથી ઉપર તરી આવે છે !' તારું હાસ્ય, તારું સ્મિત અને હકારાત્મક અભિગમ !**

**❑ સંપાદક સમિતિ**

## શ્રી પાટણ જૈન મંડળ

**શ્રી પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહ પરિવાર (ઢંઢેરવાડો)**

# પબ્લિક હેલ્થકેર સેન્ટર

માંદગી સમયેની સારવાર અને માવજત માટેના સાધનો મંડળ તરફથી સાર્વજનિક ધોરણે આપવામાં આવે છે, સમાજ અને સામાન્ય જનતાની સેવાર્થે મંડળની આ પ્રવૃત્તિ ખૂબજ ઉપયોગી અને આશીર્વાદ સમાન છે. તાત્કાલિક ધોરણે જરૂરિયાત માટેના માંદગીમાં માવજત માટેના સાધનો નીચેની વિગતે ત્રણે સેન્ટરો ઉપર કોઈપણ જાતના ચાર્જીસ વિના ઉપલબ્ધ છે, જેનો લાભ નાતજાતના ભેદભાવ વિના દરેક સમાજ તરફથી ખૂબજ બહોળા પ્રમાણમાં લેવાય છે.

ઑક્સિજન મશીન તેમજ ઑક્સિજન મેડીકલ સીલીન્ડર ખૂબજ ઓછા દરે અને બાકીના સાધનો ફક્ત ડીપોઝીટ રકમથી સાર્વજનિક ધોરણે કોઈપણ બિમાર વ્યક્તિ માટે આપવામાં આવે છે. ડીપોઝીટની રકમ સાધન પરત થયેથી પુરેપુરી પરત કરવામાં આવે છે. ડૉક્ટરની ચીઠ્ઠી અને રહેઠાણ પ્રુફ લઈને આવનાર વ્યક્તિને કાર્યાલયના સમય દરમ્યાન વિના વિલંબે સાધન આપવામાં આવે છે.

## હેલ્થકેર સેન્ટર

(૧) ૭૮, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦. ફોનઃ ૨૨૮૧૧૩૪૬.
સમયઃ સવારે ૧૧.૦૦ થી ૬.૦૦.

(૨) રૂપમ, ૧૫૨, જવાહરનગર, ગોરેગામ (વે), મુંબઈ - ૪૦૦૦૬૨. ફોનઃ ૨૮૭૭૬૦૯૦.
સમયઃ સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ બપોરે ૪.૦૦ થી ૭.૦૦ .

(૩) એ-૨૩/૧, રતનનગર, ડી.એન. દુબે માર્ગ, બોરીવલી (ઈ), મુંબઈ - ૪૦૦૦૬૮. ફોનઃ ૨૮૯૧૧૩૦૮.
સમયઃ સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ બપોરે ૩.૩૦ થી ૬.૩૦..

## સાધનોની વિગત

(1) Oxygen Machine (ઑક્સિજન મશીન)
(2) Oxygen Cylinder with Kit (ઑક્સિજન સિલિન્ડર કીટ સાથે)
(3) Oxygen Cylinder Trolley (ઑક્સિજન સિલિન્ડરની ટ્રોલી )
(4) Nebuliser (નેબુલાઈઝર)
(5) Suction Machine (સક્સન મશીન)
(6) Air Bed (એર બેડ)
(7) Water Bed (વોટર બેડ)
(8) Fowler bed (Hospital Bed) (ફ્લોઅર બેડ - હૉસ્પિટલ બેડ)
(9) Ordinary Bed (ઑર્ડીનરી બેડ)
(10) Wheel Chair (વ્હિલ ચેર)
(11) Walker (વોકર)
(12) Commode Chair (કોમોડ ચેર)
(13) Crutches (ક્રચીસ)
(14) Walking Stick (વૉકિંગ સ્ટીક)
(15) Back Rest (બેક રેસ્ટ)
(16) Bed Pan (બેડ પાન)
(17) Saline Stand (સલાઈન સ્ટેન્ડ)
(18) Kidney Tray (કીડની ટ્રે)
(19) Urine Pot (યુરીન પોટ)

સાધનોનો લાભ કોઈપણ બિમાર વ્યક્તિ માટે, કોઈપણ જાતના ભેદભાવ વગર શ્રીમંત કે સાધારણ વ્યક્તિ લઈ શકે છે. આ પ્રવૃત્તિ સેવા ભાવથી અને દાતાઓના દાનથી સંસ્થા ચલાવી રહેલ છે.

મંડળની આ પ્રવૃત્તિ મુંબઈ અને તેના પરાઓમાં આવકાર દાયક અને આશીર્વાદરૂપ થઈ પડેલ છે, અત્યાર સુધીમાં અનેક કુટુંબોએ લાભ મેળવેલ છે.

વધુ જાણકારી તેમજ માહિતી માટે જરૂર પડે ઉપરોક્ત સેન્ટરો ઉપર તેમજ સંસ્થાના મુખ્ય કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી..

**મંડળ સંચાલીત ત્રણેય હેલ્થકેર સેન્ટરોમાં જરૂરી સમારકામ કરીને તેને અદ્યતન સુવિધાયુક્ત બનાવવામાં આવેલ છે. શ્રી પાટણ જૈન મંડળની સાર્વજનિક ધોરણે વર્ષોથી ચાલતી આ પ્રવૃત્તિમાં ઢંઢેરવાડાના શ્રી તુષારભાઈ તથા જયેશભાઈ પ્રવિણચંદ્ર શાહ પરિવાર તરફથી પ્રાપ્ત થયેલ માતબર રકમની સખાવતથી સારી એવી પુષ્ટિ મળેલ છે.**

## મુખ્ય કાર્યાલય

**શ્રી પાટણ જૈન મંડળ,૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીનડ્રાઈવ, મુંબઈ-૪૦૦ ૦૨૦.**

**ફોન : ૨૨૮૧૧૩૪૬ ● ટેલિફેક્સ : ૨૨૮૧૧૨૮** ● email : patanmandal@gmail.com ● www.patan mandal.org

## શ્રી પાટણ જૈન મંડળ

## વ્યવસ્થાપક સમિતિમાં ૨૫ સભાસદો માટેની ત્રિવાર્ષિક ચૂંટણી

શ્રી પાટણ જૈન મંડળની સને ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ તથા ૨૦૧૭-૧૮ માટેની વ્યવસ્થાપક સમિતિના ૨૫ (પચ્ચીસ) સભાસદોની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાતાં વર્તમાન ફારેગ થતી વ્યવસ્થાપક સમિતિમાંથી ચૂંટાયેલા **૨૦** ઉમેદવારો ઉપરાંત **૧૪** નવા ઉમેદવાર સભાસદો મળી કુલ **૩૪** ઉમેદવારી ફોર્મ ભરાઈને આવેલ હતા.

જે પૈકી ૯ ઉમેદવાર સભાસદો એ પોતાની ઉમેદવારી પાછી ખેચીં લેતાં, છેલ્લે ૨૫ ઉમેદવારો રહ્યા હતા. ચૂંટણી માટે ૨૫ કરતાં વધુ ઉમેદવારો ન રહેતાં ચૂંટણી પ્રક્રિયાની કાર્યવાહી હાથ ધરાયેલ નથી અને નીચે મુજબના કુલ ૨૫ ઊમેદવારોને બિન હરીફ ચૂંટાયેલા વ્યવસ્થાપક સમિતિના સભાસદો તરીકે જાહેર કરવામાં આવેલ છે.

### બિનહરીફ ચૂંટાયેલ ૨૫ (પચ્ચીસ) વ્યવસ્થાપક સમિતિના સભાસદોની યાદીઃ

૧. શ્રી અમીત હેમેન્દ્ર શાહ (મરીનડ્રાઈવ, માફરતીયા મહેતાનો પાડો)
૨. શ્રી કમલેશ ચંપકલાલ શાહ (ડાયરેકટર) (મરીનડ્રાઈવ, મણીયાતી પાડો)
૩. શ્રીમતી જીમ્મી તરંગ શાહ (ગોરેગામ, કુંભારીયા પાડો)
૪. શ્રી તુષાર જીતેન્દ્ર (નાનુભાઈ) શાહ (મરીનડ્રાઈવ, ખજુરીનો પાડો)
૫. શ્રી નિલેશ કાંતિલાલ શાહ (ભાયંદર, કનાસાનો પાડો)
૬. શ્રીમતી નિશા દીપેશ શાહ (ગોવાલિયાટેંક, ખેતરવસી)
૭ શ્રી પુનીત સૂર્યકાંત શાહ (મરીનડ્રાઈવ, વખતજીની શેરી)
૮. શ્રી પ્રવીણચંદ્ર નવીનચંદ્ર શાહ (કાંદીવલી, મલ્લાતનો પાડો)
૯. શ્રી બકુલેશ હિંમતલાલ શાહ (ચોપાટી, મારફતીયા મહેતાનો પાડો)
૧૦. શ્રી ભરત સારાભાઈ શાહ (ચોપાટી, તંબોલીવાડો)
૧૧. શ્રી મહેન્દ્રકુમાર નેમચંદ શાહ (ગુંદરવાલા) (નેપીયન્સી રોડ, વાસુપૂજ્યની શેરી)
૧૨. શ્રીમતી મોના વિમલેશ શાહ (અંધેરી, વખતજીની શેરી)
૧૩. શ્રી રાજીવ કેશરીચંદ શાહ (મરીનડ્રાઈવ, બ્રાહ્મણવાડો)
૧૪. શ્રી વિક્રમ સારાભાઈ શાહ (ગોરેગામ, તંબોલીવાડો)
૧૫. શ્રી વિક્રમ હરગોવિંદદાસ શાહ (સાંતાક્રુઝ, વસાવાડો)
૧૬. શ્રી સંજય કીર્તિલાલ શાહ (ગોરેગામ, કોકાનો પાડો)
૧૭. શ્રી સંજય વિનોદચંદ્ર ચુડઘર (વિલેપાર્લે, ચોધરીની શેરી)
૧૮. શ્રીમતી અલ્પા પરાગ શાહ (બોરીવલી, વાસુપૂજ્યની શેરી)
૧૯. શ્રી દિપક મહેન્દ્ર શાહ (ગોરેગામ, ડંક મહેતાનો પાડો)
૨૦. શ્રી ધીરેન પ્રવીણચંદ્ર શાહ (વિલેપાર્લે, ખેતરવસી)
૨૧. શ્રી ધ્રુમીલ શૈલેશભાઈ સાલવી (બોરીવલી, સાલવી વાડો)
૨૨. શ્રી નિલેશ અરૂણભાઈ શાહ (ગોરેગામ, ખડાખોટડીનો પાડો)
૨૩. શ્રી પંકજકુમાર ચંદુલાલ શાહ (અંધેરી, ખેતરવસી)
૨૪. શ્રી મીલન વીપીનચંદ્ર શાહ (મલાડ, કોકાનો પાડો)
૨૫. શ્રી રાજેશ પ્રેમચંદ શાહ (મરીનડ્રાઈવ, મારફતીયા મહેતાનો પાડો)

### ૯ સભાસદોએઉમેદવારી પાછી ખેચી લીધી તેમની યાદીઃ

૧. શ્રી અમીષ દેવેન્દ્ર પટણી (મરીનડ્રાઈવ, લીમડીનો પાડો)
૨. શ્રી નિલય દાનેશભાઈ શાહ (વીલેપાર્લે, પડીગુંદીનો પાડો)
૩. શ્રી પ્રદીપ જશવંતલાલ શાહ (ગોરેગામ, મારફતિયા મહેતાનો પાડો)
૪. શ્રી કિંજલ હર્ષદ શાહ (કાલબાદેવી, ખેજડાનો પાડો)
૫. શ્રી જીગર જીતેન્દ્ર શાહ (કાલબાદેવી, ખેજડાનો પાડો)
૬. શ્રી પ્રણવ જીતેન્દ્રભાઈ શાહ (કાંદિવલી, કોકાનો પાડો)
૭. શ્રી પ્રિતેશ કિરિટ શાહ નંદરબારવાળા (વાલકેશ્વર, ડંકમહેતાનો પાડો)
૮. શ્રી મહેશ મફતલાલ શાહ (કાંદિવલી, સિદ્ધચક્રની પોળ)
૯. શાહ મહેન્દ્રભાઈ કાન્તિલાલ મશરૂવાલા (વસઈ, કુંભારીયા પાડો)


**અતિથિગૃહ**

- **KKK**ના અતિથિગૃહમાં ૪ બ્લોક તથા શ્રી શીતલ શાંતિભવન ખાતેના ત્રણ બ્લોકોની વ્યવસ્થા છે.
- આ દરેક બ્લોકમાં એસી, ટીવી તથા ગરમપાણી સહીત અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ છે.
- નવકારશી, બપોરના જમવા સાથે ચઉવિહારની સગવડ છે.
- પાટણ દર્શનની વ્યવસ્થા કરી આપવામાં આવશે.

**KKK અતિથિગૃહ બુકીંગ માટે સંપર્ક :**

કનાસા કલ્યાણ કેન્દ્ર પાટણ - 02766-224720
જનક બાલુભાઈ શાહ - 09323115714
કમલ બાબુભાઈ શાહ - 09820063762

**શ્રી શીતલ શાંતિભવન બુકીંગ માટે સંપર્ક :**

શરદ પટવા - પાટણ- 02766 220040
શૈલેષ કેશવલાલ શાહ - 09821023693

**શિયાળો આવે છે KKK સાલમપાક લાવે છે**

## કનાસા કલ્યાણ કેન્દ્ર

સહર્ષ જણાવવાનું કે, દર વરસની જેમ આ વરસે પણ પૌષ્ટિક, સાત્વિક, સ્વાદિષ્ટ સાલમપાક મળી શકશે. આ ઉપરાંત શિયાળામાં ખાસ મઠના તથા મેથીના ખાખરા મળશે. રાબેતા મુજબ ઘીના સફેદ ખાખરા, મસાલાના ખાખરા, મીઠી / તીખી મુગડીના, સાજીના મરીના સફેદ / લાલ પાપડ પણ મળશે.

**ઓર્ડરથી મીઠાઈમાં દેવડા, મગદળ, મોહનથાળ ઓછામાં ઓછા ૨૦ કિલોના ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.**

**સંપર્કઃ જીતુભાઈ - 022-32053690 • જયેશભાઈ - 099-203-85597**

**નવા વર્ષની મેમ્બરશીપ**

કનાસા કલ્યાણ કેન્દ્ર સફળતાપૂર્વક ૧૦ વર્ષ પૂર્ણ કરી ૧૧માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. વર્ષ ૨૦૧૫ના લવાજમ માટે રૂા. ૨૨૦૦/- જ રાખવામાં આવ્યા છે. આપ નીચે જણાવેલ કોઈપણ સ્થળે ફોર્મ ભરી મેમ્બર બની શકશો. આપના કુટુંબીજનો, સગા-વહાલા તથા મિત્રોને મેમ્બર બનાવવા પ્રયત્ન કરશો. ફોર્મ તથા પૈસા નીચે જણાવેલ વ્યક્તિઓ પાસે જમા કરાવશો.

Walkeshwar Dehrasar
Meenaben - 9833271499
Pydhonie / Nagdevi
Shaileshbhai - 9821023693
Andheri
Niranjanbhai - 9819280255

Marine Drive
Deepakbhai - 9820522936
Pydhonie / Nagdevi
Pravinbhai - 9820244026
Malad/Kandivali/ Borivali/Dahisar
Bipinbhai - 9324621637

Kalbadevi Road
Janakbhai - 9323115714
Vile Parle
Daneshbhai - 9930891985
Goregaon
Jitubhai - 022-32053690 / 7498115528

Gowalia Tank
Kamalbhai - 9820063762
Santacruz / Vile Parle
Pankajbhai - 9820322648
Vile Parle Sales Centre
Jayeshbhai - 9920385597

Advt

## જિનાલય શુદ્ધિકરણ

આ જિનાલય કે જિનબિંબનું શુદ્ધિકરણ નથી માત્ર !
આ તો શામરણ અને શિખરનુંય શુદ્ધિકરણ છે;
રંગમંડપ ને ગર્ભગૃહનું પણ શુદ્ધિકરણ છે;
દરવાજા અને થાંભલાનુંય શુદ્ધિકરણ છે;
આ તો વિશુદ્ધ કર્મોનું શુદ્ધિકરણ છે;
આ તો આત્માના મેલનું શુદ્ધિકરણ છે;
આ તો ભાવ અને ભક્તિનું સમીકરણ છે;
આ તો કષાય અને ક્રોધનું શુદ્ધિકરણ છે;
આ તો જીનાજ્ઞાનું ચોખ્ખે ચોખ્ખુ અનુસરણ છે;
આ તો સદ્‌ગતિ તરફના પ્રયાણનું પ્રથમ ચરણ છે;
આ તો ભવોભવ માટેના પુણ્યનું ઉપકરણ છે;
આ તો વેડફાઈ જતા સમયનું સંરક્ષણ છે;
આ તો ધર્મ કેરા રાગનું આચરણ છે;
આ તો વાસના ઓગાળતું દ્રાવણ છે;
આ તો આ. મેઘદર્શન મ.સા.નું એક સ્વપ્ન છે;
આ તો પાટણીઓના કલ્યાણનું નિરાકરણ છે;
આ તો ગુરુભગવંતના શબ્દોનું વિશ્લેષણ છે;
આ જ શુદ્ધિકરણ છે, આ જ તો શુદ્ધિકરણ છે;

❑ જ્ઞાનેશ લાપસીયા

## સ્નેહના સરવરિએ

છે હૈયાના દર્દ કેવા એ આપણે જ જાણીએ
સદા હસતા રહીએ ને સંસાર નીભાવીએ
કરજદાર મિત્રોનો ન અહેસાન માનીએ,
પત્થરની પૂજા કરી તેને જ દેવ માનીએ.

સુખે દુઃખે સાથે રહી એક બીજામાં ભળીએ,
જીવનને જીવવાની ફીલસુફી સમજીએ,
રાખ નીચે છે અંગારા, દીવાળી થઈ ફરીએ,
નિરાશામાં આશા જોઈ, હસીએ ને હસાવીએ.

આવો મારા મિત્રો પ્યારા, સ્નેહના સરવરિયે,
પ્રભુના ગીતો ગાઈએ, મહેફીલો સજાવીએ,
મિત્રતાના માર્ગ પર, પ્રેમ ધારા વહાવીએ,
વીતેલા એ વખતને, અહીં પાછો બોલાવીએ.

મ. નૈ.


**અગત્યનું - લાભનું**

**પાટણ ખાતેના ઘરના વેરાઓ ભરવા માટે**

**સંપર્કઃ**
૩૧-૩-૨૦૧૫ પહેલા ભરનારને ૧૦ ટકા કન્સેશન
ત્યારબાદ ભરનારને દોઢ ટકો પેનલ્ટી આપવાની રહેશે.
**જયરાજ બી. શાહ**
**૦૮૬૫૫૧૧૩૭૧૧ - ૦૯૩૨૨૨૩૩૬૩૬** ADVT

**પાટણમાં ફ્લેટ વેચવાનો છે**

**2 BHK ફ્લેટ કલા જ્યોત બિલ્ડિંગમાં, બીજે માળે, ભારતી સોસાયટીમાં, દેરાસર સામે**
**સંપર્ક**
ADVT **9930829977**

**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**
ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**
ADVT
**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાની ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.
**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.
**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.
**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**
● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ** ● ADVT

# Haha… Hahhaaha… - The Healing Power of Laughter

In today's digital and fast life we have lost or virtually forgot to laugh. **Most of the time we express our emotions by way of smiley on digital devices.** In today's world, people want to be healthy and happy, but instead they are getting stressed out, depressed, sleep deprived with more negative thoughts.

Only human being are born with the gift of laughter. Laughter is a natural medicine. It lifts our spirits and makes us feel happy. Laughter is a contagious emotion. It can bring people together. It can help us feel more alive and empowered.

For years, the use of humor has been used in medicine. Surgeons used humor to distract patients from pain as early as the 13th century. Later, *in the 20th century*, came the *scientific study of the effect of humor on physical wellness and laughter therapy is invented.*

**Effects Of Laughter On Our Body**

We change physiologically when we laugh. We stretch muscles throughout our face and body, our pulse and blood pressure go up and we breathe faster, sending more oxygen to our tissues.

People who believe in the benefits of laughter say it can be like a mild workout and may offer some of tt

Today more than ever before, people are turning to humor for therapy and healing. *Medical journals have acknowledged that laughter therapy can help improve quality of life for patients with chronic illnesses.* Many hospitals now offer laughter therapy programs as a complementary treatment to illness.

Laughter can help you feel better about yourself and the world around you. Laughter can be a natural diversion. When we laugh, no other thought comes to mind. Laughing can also induce physical changes in the body. After laughing only for a few minutes, we may feel better for hours.

According to some studies, **laughter therapy may provide physical benefits**, such as:

- It **boosts the immune system and circulatory system**.
- It **enhances oxygen intake** in our body.
- Laughter **stimulates the heart and lungs** and it relax muscles throughout the body.
- Laughter **triggers the release of endorphins** (the body's natural painkillers)
- It **eases digestion/soothes stomach aches** and relieve pain.
- Laughter helps to **balance blood pressure**.
- It **improves mental functions** such as alertness, memory, creativity.

**Laughter Yoga**

Laughter yoga was made popular as an exercise routine **developed by Indian physician Dr. Madan Kataria.** In the mid-1990s, laughter yoga was practiced in the early mornings in open parks, primarily by groups of older people. Later, a more formal version was created and popularized as **"Laughter Clubs"**.

**The concept rapidly spread worldwide and there were more than 8,000 Laughter Clubs in 65 countries.** Each group is run by a *"Laugh Captain"*. Priyadarshni Academy has promoted the concept and practice of priceless laughter therapy in India and various countries like Britain, U.S.A., Japan and Sweden amongst others. The publication ***'Information Guide to Hasyayog'*** by the Academy has helped to create wide spread awareness the world over.

Thus, Laughter Therapy is must in today's digital world to reduce stress/tension, to improve quality of our sleep and to strengthen social bonding for producing general sense of well being.

☐ **VIRAL NARENDRA JHAVERI**

## FREE MEGA EYE CAMP

**માતુશ્રી જાસુદબેન રીખવચંદ ભગીની સમાજ** - પાટણ તથા **શ્રી મહેન્દ્રકુમાર રીખવચંદ શાહ**ના સૌજન્યથી પાટણ ખાતે આય કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે, જેનો સર્વે ભાઈ-બહેનોએ લાભ લેવા વિનંતી.

શનિવાર તા. ૧૪ માર્ચ તથા રવિવાર તા. ૧૫ માર્ચ ૨૦૧૫

**સ્થળ** : માતુશ્રી જાસુદબેન રીખવચંદ ભગીની સમાજ
કનાસડા દરવાજા - પાટણ

**સમય** : સવારે ૯.૦૦ થી ૬.૦૦

Camp Prometed by Sugall & Damani Group – પાટણ

Manage by Empathy Foundation

સેવા આપનાર ડૉક્ટરો

ડૉ. અશોકભાઈ પટણી, ડૉ. નિખીલભાઈ ખમાર
ડૉ. એ.વી. દીક્ષીત, ડૉ. કૌશલભાઈ મોદી

**કેમ્પની વિશેષતાઃ** ચશ્માના નંબર કાઢી અપાશે • મોતીયાના ઑપરેશન ભારતીય આરોગ્યનીધી તથા જનતા હૉસ્પિટલ • પાટણ ખાતે વિનામુલ્યે કરી અપાશે. • ડૉક્ટરની સૂચના અનુસારની ૨૦ થી ૭૦ દિવસ સુધીની દવાઓ વિનામુલ્યે અપાશે.

# નારી નારાયણી

તન-મનની આઝાદીનો સુવર્ણ દિવસ રવિવારની સલુણી સવારના રોજ સ્નેહી પુત્ર-જન્મની ખુશાલીમાં સરસ સ્વાદિષ્ટ પેંડા આવ્યા. મેં તેઓના આનંદમાં કરવા સારા શબ્દોથી અભિનંદન આપતાં સહજ પૂછ્યું કે પ્રથમ પુત્ર, તો તેઓએ કહ્યું, ના પ્રથમ બે પુત્રી છે. આ શબ્દો સાંભળી મને વિચાર આવ્યો આજના સમાજમાં પુત્ર જન્મનો અનહદ આનંદ હોય છે. એટલો પુત્રીના જન્મનો થાય છે ખરો ?

ઈશ્વરે સ્ત્રીનો જન્મ એટલા માટે આપ્યો છે કે સ્ત્રી અને પુરુષ એકબીજાના પૂરક થઈને રહે. અને સંસારચક્રને આગળ વધારે, કુટુંબનો વંશવેલો આગળ વધારવા દીકરો જોઈએ છે એવો આગ્રહ સમાજના લોકોને છે. પણ વાસ્તવિકતા એ છે કે તમને જે પુત્ર-રત્ન જોઈએ છે તે પ્રાપ્ત કરવા સ્ત્રીની જ જરૂર પડે છે. સ્ત્રી વિના સંસારચક્ર અટકી પડે છે.

દીકરો તો એક કુળને દીપાવે છે. ત્યારે દીકરી તો પીયરના અને સાસરાના બન્ને કુળને દીપાવે છે. ઈશ્વર પછી આપણે સૌથી વિશેષ ઋણી સ્ત્રીઓના છીએ. પ્રથમ તો જીવન આપવા માટે અને જીવનને યોગ્ય બનાવવા માટે. ફિઝિકલ, સાઈકોલોજીકલ. ઈમોશનલ સિક્યોરિટી નારીમાં જ મળતી હોય છે. સ્ત્રી પુત્રીતત્વ, ભગિનીતત્વ, પત્નીતત્વ અને માતૃતત્વના વિવિધ રૂપમાં શોભી ઉઠે છે. માતાના ઝૂકેલા ચહેરામાં, વાત્સલ્યપૂર્ણ નેત્રમાં બાળકને સલામતી મળે છે. એટલું જ નહિ પણ તે પોતાના બાળકને મેઘધનુષ જેવી મનોહર શક્યતાઓની રંગોળી રચી આપે છે. માતૃપ્રેમના મૂલ્ય ગાતાં કોઈ અચકાતું નથી.

''નારી તું નારાયણી'' સહિતનાં વિશેષણોવપરાય છે. સ્ત્રીને સહનશીલતા, સ્નેહ, અને સ્વાર્પણનું સુભગ ત્રિવેણી તીર્થ કહું તો ખોટું નથી. તેનું શરીર પીડા અને પ્રેમનું બનેલું હોય છે. એટલે જ તો તે હંમેશાં તાવડામાં તળાતી પુરીની જેમ ગમે તેવા વાતાવરણમાં હસતી ફૂલ જેવી રહે છે. ગૃહજીવનમાં સવારના સૌથી વહેલી ઉઠીને ઘરના બધાના માટે ઘરકામ કરતી હોય છે. અને રાતના સૌથી છેલ્લે સૂઈ જાય છે. ઘરકામમાંથી તેને નથી મળતી રવિવારની રજા કે તહેવારની રજા. છતાં પણ તે બધાં જ કામ સહજ રીતે પોતાની ફરજ સમજીને કોઈ પણ જાતની જાહેરાત કે બદલાની આશા વગર કર્યે જાય છે. એક કવિએ લખ્યું છે:

''સન્નારી હી સદા દેશ મેં અભિનવ જ્યોત જલાતી હૈ,<br>
સુંદર, ઉજ્જવલ આદર્શોં સે ઘર કો સ્વર્ગ બનાતી હૈ !''

આજે તો ઘરની ચાર દીવાલોમાંથી સ્ત્રી બહાર નીકળીને પુરુષ સાથે ખભે ખભા મીલાવી જીવન-વ્યવહારની ગાડી દોડાવવાનો ભાર ઊંચકે છે. ઘરનાં કામકાજ ઉપરાંત નોકરી ધંધો પણ કરે છે. લગભગ દરેક ક્ષેત્રમાં સ્ત્રીએ પ્રવેશ મેળવીને પુરુષોનો ઈજારો તોડી નાખ્યો છે.

મનોચિકિત્સક ડૉક્ટરો કહે છે માનસિક રીતે પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે સહનશીલ હોય છે અને તેમની કાર્યક્ષમતા પણ વધુ હોય છે. પુરુષોના મુકાબલે સ્ત્રીઓ એક કરતાં વધુ કામ ઝડપથી અને સારી રીતે કરી શકે છે. સંકટના સમયે નિર્ણય પણ ઝડપથી લઈ શકે છે. તેમ જ કોઈ પણ આઘાતને જલ્દી પચાવી શકે છે.

કુળ સપુતથી શોભે છે એમ ઘર સ્ત્રીથી જ શોભે છે. સ્ત્રી વગર ઘર વેરવિખેર થઈ જાય છે. ઘરને ઘર નથી કહેવાતું પણ ગૃહિણીને જ ઘર કહેવાય છે. સંસાર એક જંગલ છે, ને સ્ત્રીને લીધે જ એમાં મંગલ થાય છે. સંસારમાં સ્ત્રી છે તો સાર છે. સ્ત્રી વિના બધું નિ:સાર છે. જીવનમાં જે કંઈ પણ પવિત્ર અને ધાર્મિક છે એનું સ્ત્રીઓ જ વિશેષ રક્ષણ કરે છે.

એક કવિયત્રીએ સરસ લખ્યું છેઃ

''હું નારી નખશિખ નારી,<br>
નારી મુક્તિનો ઝંડો હાથમાં લઈ<br>
મારે સૂત્રો નથી પોકારવાં<br>
હું જીવીશ વૃક્ષની જેમ<br>
ફૂલોની સૌરભ પાથરીને.''

એટલે જ વિશ્વમાં વિશ્વ નારી દિન ઉજવાય છે.

**☐ શ્રી સુરેશ સૂરજમલ ચોધરી**

**૩૦મી જાન્યુઆરીએ ગાંધી બાપુની પુણ્યતિથિ નિમિત્તે સાદરાંજલિ**

## બાપુ

આપ છો અમારી પ્રેરણામૂર્તિ, ભારતની બલિહારી,<br>
આપે ચીંધ્યો માર્ગ અહિંસક આઝાદીનો, છે તમારી આણ (કમાલ).<br>
સત્ય, અહિંસા, અસહકારનું બ્યુગલ વગાડ્યું,<br>
જગતમાં વધારી ભારતની શાન !

આપ છો મહાન મહાત્મા, આઝાદીનો મર્મ સમજાવ્યો.<br>
આજના રાજકારણ, ભ્રષ્ટાચાર, અપરાધથી મુક્ત કરાવો,<br>
ફરી અવતરો મહાત્મા લઈ લાકડી, પ્રજાના દિલને ઠઠોળી.

બાપુ આ છે તમારી વાતનો પડઘો, સુણાવો જગતને ફરી,<br>
પ્રાણ જગતના જાગૃત કરવા, કરો ઘંટારવ, શંખ વગાડો,<br>
આજની પ્રજાનો થશે જયજયકાર, આપને આભારી.

**☐ શ્રી જતીન શ્રી બાબુભાઈ શાહ**

**શ્રી ચંદ્રપ્રભ જૈન મેડીકલ સેન્ટર** દ્વારા માનવ સેવાના કાર્યો નાત-જાતનાં ભેદભાવ વગર સસ્તા દરે કરવામાં આવે છે. આ સેન્ટરમાં જુદા જુદા વિભાગોમાં જુદા જુદા ડૉક્ટરો તન-મનથી સેવા આપી રહ્યા છે.

- ઓ.પી.ડી. ડીપાર્ટમેન્ટમાં ૮ ડૉક્ટરો છે.
- જુદા જુદા રોગોના સ્પેશિયાલિસ્ટ ૫૫ ડૉક્ટરો છે.
- ડેન્ટલ ડીપાર્ટમેન્ટમાં ૮ ડૉક્ટરો છે.
- સોનોગ્રાફીમાં ૨ ડૉક્ટરો છે.

આ સેન્ટરમાં ઈ.સી.જી., નેબ્યુલાઈઝર, સ્ટ્રેસ ટેસ્ટ, ફીઝીયોથેરેપી, પેથોલોજી, ૨ ડી ઈકો, મોતીયાના ઑપરેશનો આદિ અનેક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

આ સંસ્થાએ ચંદ્રપ્રભ જીનાલય ટ્રસ્ટ જોડે ભેગા મળીને મુંબઈમાં પ્રથમ મેડીકલ સેન્ટર શરૂ કર્યું હતું અને આજે ૧૮ વર્ષે પણ ખૂબજ સુંદર રીતે ચાલી રહ્યું છે અને રોજના ૨૫૦થી ૩૦૦ વ્યક્તિઓ લાભ લઈ રહ્યા છે.

# શ્રી પાટણ જૈન મંડળ છાત્રાલયે આદિજિન પ્રાસાદે, મોતીડે મેહ વરસ્યા રે અને હૈયા સૌના હરખ્યા રે !

પુણ્યાનુંબંધી પુણ્ય ઉપાર્જનનો અદ્‌ભૂત અનેરો અવસર - આદિજિન પ્રતિષ્ઠા મહોત્સવ મહાસુદ ૧૦ ને ગુરુવાર તા. ૨૯-૧-૨૦૧૫થી મહાસુદ ૧૫ મંગળવાર તા. ૩-૨-૨૦૧૫ સુધી ધર્મ અને શિક્ષણ નગરી પાટણને આંગણે રંગચંગે સંપન્ન થયો. માનવ મહેરામણના ઘોડાપૂરે હર્ષ અને ઉલ્લાસ સાથે રંગબેરંગી વસ્ત્રો ધારણ કરી, સાજન મહાજન બની ઐતિહાસિક અવસરને ચાર ચાંદ લગાવી દીધા.

**સ્વ. માતુશ્રી ગજીબેન** તથા **સ્વ. પૂ. પિતાશ્રી પોપટલાલ નગીનદાસ શાહ (વાસુપૂજ્યની શેરી)**ના આત્મશ્રેયાર્થે સાંપ્રતિકાલીન **શ્રી આદિનાથ પ્રભુજી જિનાલય**નું સ્વદ્રવ્યે જિર્ણોદ્ધાર કરવાની ખેવનાને પરિણામે ખાત મૂહુર્ત, શિલાસ્થાપનથી ત્રિશિખરી જિનાલયનું મહામંગળકારી નિર્માણ **ડૉ. શ્રીમતી રંજનબેન તથા સુશ્રાવક શ્રી બચુભાઈ (મહાસુખભાઈ) પોપટલાલ શાહે** પ્રાચિન પદ્ધતિ મુજબ મુખ્યત્વે સિમેન્ટના વપરાશને બદલે ચુનાનો ઉપયોગ કરી પરિપૂર્ણ કર્યું. સેવા સાધનાના ભેખધારી **શ્રી બચુભાઈએ** તન, મન અને ધનથી મહાભિનિષ્ક્રમણ જેવા કાર્યની શરૂઆત કરી અને સત્કાર્યપુરૂષો અને સુશ્રાવકો જોડાતા ગયા. પરિણામે માત્ર અઢીવર્ષના અલ્પ સમયમાં દેવવિમાન તુલ્ય મહાલયે પાટણની ધરોહરને પ્રજ્વલિત કરી.

પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી શીલગુણસુરિજીનો પ્રતિબોધ વનરાજ ચાવડાએ ઝીલી લીધો. **કલીકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી**ના પુણ્ય પ્રભાવે **સિદ્ધરાજ જયસિંહ** અને **રાજાકુમારપાળે** જિનાલયો, જિનબિંબો તથા જિનાગમયુક્ત જ્ઞાનભંડારોના નિર્માણ કરી ભવ્યજનોના તારક તત્વોની પૂર્તિ કરી. સૂરિમંત્ર પ્રભાવક, પ્રવચન શ્રુતતીર્થ પ્રેરક **પૂ. આ. દેવ શ્રીમદ વિજય પૂર્ણચંદ્ર સૂરશ્વરજી મ.સા.** તથા **પૂ.આ. શ્રીમદ વિજય યુગચંદ્ર સૂરિજી મ.સા.**ની નિશ્રામાં સમસ્ત મહોત્સવનું વિધિકારક શ્રી વસંતભાઈ પંડિતજી તથા શ્રી ચંદ્રકાંતભાઈ પંડિતજીના સથવારે વિધિવત હૈયાના હીલોળે સમાપન થયું. સમગ્ર પાટણના જૈનો જ નહીં જૈનેત્તરો માટે આ મહોત્સવ અવિસ્મરણીય સંભારણું બની રહ્યો.

ગુરુવાર તા. ૨૯-૧-૨૦૧૫ના રોજ પ્રાતઃકાળથી જ પાટણના રાજમાર્ગો પર જનતા જનાર્દન અને સગા વહાલાઓની હાજરી આંખે વળગતી હતી. દેશ પરદેશથી પધારેલ મહેમાનોની મુખમુદ્રા પર એક અનેરો ઉત્સાહ નજરે પડતો હતો. ગુરુભગવંતોના પ્રવેશ અને કુંભ સ્થાપનથી દ્વાર ઉદ્‌ઘાટનના પ્રસંગોની ઉજવણી લોકોએ મનભરીને માણી હતી. શુક્રવારે ગુરુભગવંતના વ્યાખ્યાન બાદ શ્રુત મહાપૂજનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. બાળ વાટિકામાં ૪૫ આગમોની ગોઠવણી ધ્યાનાકર્ષક રહી હતી.

જૈન શાસનની અદ્‌ભૂત ગરિમાના દર્શને અબાલ, વૃદ્ધો, સ્ત્રી પુરુષો પધાર્યા હતા. પ્રદર્શનની સુંદરતમ ગોઠવણ અન્વયે સુસંસ્કૃત પટણીઓ દ્વારા ખાસ લાભ લેવામાં આવ્યો હતો. દરરોજ ગુરુભગવંત દ્વારા અપાતા વ્યાખ્યાન શ્રવણનો લાભ ધર્મારાધકો લઈ રહ્યા હતા. દરરોજ સવારના બહેનો દ્વારા પ્રભાતીયા ગાવા- ગવડાવવામાં આવતા અને **શ્રી પંચાસર પાર્શ્વનાથ દેરાસર** પરિસરમાં મંગળ ચોઘડીયા વગાડવામાં આવતા હતા. સમગ્ર મહોત્સવ દરમ્યાન પાટલા પૂજન, ૧૮ અભિષેક, આદિજિન પંચકલ્યાણક પૂજા, શાંતિસ્નાત્ર, સત્તરભેદી પૂજા વિગેરેમાં પણ ખાસ્સી હાજરી રહી હતી. દેરાસરના પરિસરમાં અદ્‌ભૂત દીપક રચનાઓ કરવામાં આવી હતી અને આગમો પણ ગોઠવવામાં આવ્યા હતા. તાજી શેરડીઓની કેડી એન કમાન લક્ષવેધક હતી. સમગ્ર છાત્રાલય પરિસરમાં જાણે દેવોની નગરી નીચે ઊતરી આવી હોય તેવું અદ્‌ભૂત વાતાવરણ લાગતું હતું.

રવિવાર ફેબ્રુઆરીની પહેલી તારીખે શોભાયાત્રાનું અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. સુવ્યવસ્થિત એવી આ રથયાત્રામાં રથો ઉપરાંત ઊંટગાડી, બળદ ગાડા, વિગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. શોભાયાત્રાનું ખાસ આકર્ષણ હતું ગજરાજ ઉપર આરૂઢ થયેલ શાસન સેવક **શ્રી બચુભાઈ તથા ડૉ. શ્રીમતી રંજનબેન** તેઓના અંગત જીવનનો પણ આ અલભ્ય લ્હાવો હતો. પંચાસરથી નીકળી પાટણના રાજમાર્ગ પર પસાર થતાં અસંખ્ય પટણીઓ સાથેની શોભાયાત્રા એક અનોખા ઈતિહાસની યાદ અપાવી જતી હતી. વર્ષો પૂર્વે **કલિકાલ સર્વજ્ઞ પૂ.આ.ભ હેમચંદ્રાચાર્ય લિખિત સિદ્ધહેમશબ્દાનુશાન** નામનો ગ્રંથ સૌ પ્રથમ ગજરાજ પર આરૂઢ કરી લોકદર્શનાર્થે શોભાયાત્રામાં શામીલ કરવામાં આવ્યો હતો. આ વખતની ઐતિહાસિક શોભાયાત્રામાં અંદાજિત ૪૦૦ થી ૫૦૦ સ્ત્રી-પુરુષો બાળકો તથા સાધુ-સાધ્વીજી ભગવંતોએ ભાગ લીધો હતો. ઢોલ, નગારા અને બેન્ડથી સમસ્ત વાતાવરણ ગૂંજી રહ્યું હતું. પાટણના રહેવાશીઓ તેમ જ દુકાનદારોએ પણ આ અનેરા અવસરને પોંખ્યો હતો. દાન ધરમ અને ભેટ-સોગાદ ચરમ સીમાએ પહોંચ્યા હતા.

રાત્રે બહુમાન સમારંભનું આયોજન પંચાસર પરિસરમાં કરવામાં આવ્યું હતું. આદિજિન પ્રાસાદને દેવવિમાન તુલ્ય સ્વરૂપ આપવામાં **શ્રી બચુભાઈ**ના પુત્રવધુ **શ્રીમતી અપર્ણાબેન** તથા **સુપુત્ર શ્રી રોહનભાઈ**ના અદ્વિતિય સાથ સહકાર સાથે પરિવારનો પ્રચંડ પુરુષાર્થ અને પુણ્યોદય નિમિત્ત બન્યા હતા. જેને સૌના અંતરમનના દરવાજા ખોલી નાખ્યા હતા. હકારાત્મક અભિગમ અને અનન્ય લક્ષસિદ્ધિએ આ ઝિંદાદિલ માનવીને લાગણી પ્રધાન અને નિઃસ્પૃહિ બનાવ્યા હતા. મેધાવી વ્યક્તિત્વ ધરાવતી માનસરના હંસલાની જોડી જેમ **શ્રીમતી રંજનબેન તથા શ્રી બચુભાઈ**એ આયખાની ઓઢણીને અજવાળી હતી. સંન્નિષ્ઠતા પૂર્વક તેઓશ્રીએ આદરેલ પુરુષાર્થને સ્વજનો અને મિત્ર પરિવારોનું સમર્થન પ્રાપ્ત થતાં તથાસ્તુનો તુલસીક્યારો છલકાઈ રહ્યો હતો.

મંચ કાર્યક્રમના પ્રવક્તા **શ્રી મહેન્દ્રભાઈ ગુંદરવાલા**એ લાક્ષણિક શૈલિમાં કહ્યું હતું કે, ઝગમગતા તારલા સમ આદિજિન પ્રાસાદ આપના આગમનને સુગંધિત પુષ્પો થકી વધાવી રહ્યું છે. આવો અંતરમનના દરવાજા ખોલો, મનથી મહોરો, ખીલો અને ખુલો, મન મૂકીને વરસો, આજે ભક્તિ અને શક્તિનો અનેરો સંગમ મહેકી રહ્યો છે. શિશિરમાં ખર્યા વસંતમાં પૂરબહારમાં ખીલી ઉઠે છે, તો અપાણે કેમ નહીં? પ્રવચન શ્રુતતીર્થ શંખેશ્વરના પ્રથમ અધ્યક્ષ થવા બદલ **શ્રી બચુકાકા**ને અભિનંદન આપી પાટણનું ગૌરવ વધાર્યું હોવાનું જણાવ્યું હતું. શ્રી બચુકાકાએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જિનાલય બનાવવામાં મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો છે તે સર્વેનું

બહુમાન કરતાં કહ્યું હતું કે, દેવગુરુ ભગવંતની અસીમ કૃપા તથા આ મહાનુભાવોનો ફાળો નાનો-સુનો તો નથી જ ! શ્રીફળ, સાલ તથા પ્રેમના પ્રતિકરૂપ કુમ-કુમ તીલક દ્વારા આ દંપત્તિએ ભાવવિભોર થઈ બહુમાન કર્યું હતું. જિનાલય બનાવતા આવેલ મુશ્કેલીઓનો પણ તેઓએ ઉલ્લેખ કર્યો હતો. સમગ્ર જિનાલય ચુનામાં બનાવવા પ્રેરિત કરવા બદલ **ભત્રીજા શ્રી અમીતભાઈ ભોગીલાલ શાહનો શ્રી બચુકાકા**એ ખાસ આભાર માન્યો હતો.

વાટિકાના પ્રથમ મજલે સમગ્ર મહોત્સવના નાક સમાન હતી, ધ્યાનાકર્ષક મેઘધનુષિ અનેકવિધ રંગોની રંગોળી અને રચનાઓ, જેમાં મુખ્યત્વે કલીકાલ સર્વજ્ઞ **શ્રી હેમચંદ્રાચાર્ય** રચિત **સિદ્ધહેમ શબ્દાનુશાસન મહાગ્રંથ**ની ગજરાજ પર બહુમાન યાત્રા, બીજી રંગોળી હતી. રાજા **સિદ્ધરાજ જયસિંહ**ના માણસોએ ખંભાતના જ્ઞાનભંડારમાં **રાજા કુમારપાળ**ને પુસ્તકો વચ્ચે છુપાવી રક્ષા કરી ત્યારે **શ્રી હેમચંદ્રાચાર્યે** આગાહી કરી હતી કે **કુમારપાળ** ભવિષ્યમાં મહાપ્રતાપી રાજા થશે.

ત્રીજી રંગોળી રચના હતી સ્વ. પૂ. માતુશ્રી ગજીબેન તથા **પિતાશ્રી પોપટલાલ નગીનદાસ શાહ**ના આત્મશ્રેયાર્થે જિર્ણોદ્ધાર કરાવેલ ત્રિશિખરી શ્રી આદિનાથ જિનાલય. ચોથી રચના હતી **કુમારપાળ** રાજા શીવધર્મમાં દ્રઢ રહે તે માટે **દેવબોધી બ્રાહ્મણ** તેમની સાત પેઢીના પૂર્વજોને બતાવે છે. તેમની સામે કલીકાલ સર્વજ્ઞ સાત પાટ પર બેસી વારાફરતી એક પછી એક પાટ ખસેડાતા અદ્ધર રહી કલાકો સુધી પ્રવચન કર્યું. કલીકાલ સર્વજ્ઞ **શ્રી હેમચંદ્રાચાર્ય** પાસેથી બારવ્રત સ્વીકારતા **શ્રી કુમારપાળ** મહારાજા આ સઘળી રચનાઓ એટલી જીવંત હતી કે નિહાળનારને એમ લાગ્યા કરે હમણા રચનામાંથી બહાર આવી બોલશે.

નીચે પરિસરમાં એક અદભૂત રચના હતી જેમાં સુવિશાલ ગચ્છાધિપતિ શાસન શિરતાજ **પ.પૂ. આચાર્ય દેવેશ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ** તથા સ્વદ્રવ્યે જિર્ણોદ્ધારિત ત્રિશિખરીય આદિનાથ જિનાલયે પધારવાનું આવાહન કરતા **શ્રીમતી ડૉ રંજબેન તથા શ્રી બચુભાઈ પોપટલાલ શાહ** એકંદરે સઘળી રચનાઓ અદ્‌ભૂત કલાકારીની બાંગ પોકારતી હતી. લોકો થોડા સમય માટે અવાચક કે દંગ થઈ જતાં હતા.

પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જિનાલયના અસ્તિત્વ માટે જવાબદાર **શ્રી જિતેન્દ્રભાઈ, શ્રી પ્રાણશંકરભાઈ, શ્રી લાલચંદભાઈ, શ્રી યશવંતભાઈ, શ્રી જગદીશભાઈ, શ્રી વિજયભાઈ ત્રિવેદી, શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખશ્રી તથા મેનેજિંગ ટ્રસ્ટી શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ, શ્રી ચીનુભાઈ નેમચંદ શાહ**, પાટણ ખાતે સંસ્થાનો અખત્યાર ધરાવતા **શ્રી ધીરૂભાઈ** તથા **શ્રી વસંતભાઈ પંડિતજી** તથા **શ્રી ચંદ્રકાંતભાઈ પંડિતજી**નું બહુમાન કરી આભાર વ્યક્ત કર્યો હતો. **શ્રી ચંદ્રકાંતભાઈ** તથા **શ્રી દિલીપભાઈ મીસ્ત્રી, શ્રી સૌરિનભાઈ, શ્રી વિરેન્દ્રભાઈ મફતલાલ શાહ, શ્રી જયંતીભાઈ (જેપી), શ્રી મહેન્દ્રભાઈ, શ્રી ભદ્રેશભાઈ, સંસ્થાના નેનેજર શ્રી મનુભાઈ જોશી, આચાર્ય શ્રી બળદેવભાઈ દેસાઈ**ને પણ તેઓએ સાભાર યાદ કર્યા હતા.

